**પોરબંદરના એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. પોરબંદર.**

**<u>ક્રિ.પ.અ.નં.૨૩૪/૨૦૨૬.</u>**

**આંક–**

**અરજદાર:** **કાનજીભાઈ કેશવભાઈ વાસણ**
ઉ.વ.આ.૭૩,ધંધો: નિવૃત સૈનિક
રહે. ચિત્રકુટ સોસાયટી,
ગીતા નગર પાછળ, પોરબંદર.

વિરૂધ્ધ

સામાવાળા : ૧. ધ સ્ટેટ ઓફ ગુજરાત
૨. મીનાક્ષીબેન શશીકાંત માલમ
રહે. નાયરા પેટ્રોલ પંપ સામે,
પોરબંદર.

**<u>બાબત</u> : <u>ભા.ના.સુ.સં. ની કલમ ૪૯૭, ૪૯૮ અન્વયે મુદ્દામાલ પરત મેળવવાની અરજી .</u>**

---

અરજદાર તરફે જાતે
સામાવાળા સરકાર તરફે વિ.પી. પી. શ્રી એસ. બી. જેઠવા

---

**<u>હુ ક મ</u>**

૧. અરજદારે હાલની અરજી ક્રિ.પ્રો.કો.કલમ–૪૫૧ અન્વયે ઉધ્યોગનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૧૦૨૨૦૩૦૫/૨૦૨૫, આઈ.પી.સી. કલમ–૩૭૬(એન), ૩૪૭, ૩૮૪, ૩૮૫, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ તથા આઈ.ટી. એકટની કલમ–૬૬(ઈ), ૬૭(એ) થી

નોંધાયેલ છે તેના કામે પોલીસે તપાસ દરમ્યાન કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ ફોન Oppo Reno 7 Pro ની વચગાળાની કસ્ટડી મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદાર અરજીમાં જણાવે છે કે,સદર કામે તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ થઈ ગયેલ છે તેમજ કબજે કરવામાં આવેલ મોબાઈલ ફોનનું એફ.એસ.એલ. માં પરીક્ષણ થઈ ગયેલ છે અને તેમાં રહેલ ડેટા સ્ટોર થયેલ હોય જેથી મોબાઈલ ફોન પડતર રહે તો તેની બેટરી અને અન્ય પાર્ટ બગડી જાય તેમ હોય  જેથી કોર્ટ ફરમાવે તેવી શરતોને આધીન બી. એન.એસ.એસ. કલમ–૪૯૭ હેઠળ વચગાળાના હેતુ માટે મુદામાલ મોબાઈલ ફોન  પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. આ કામે  પી.પી.શ્રીને નોટીસ બજતા  પી.પી.શ્રી હાજર થઈ પોલીસનો વાંધા અભિપ્રાય રજુ કરી સદર મુદામાલ મોબાઈલ ફોન પરત સોંપવામાં આવશે તો તે ફરી ગુનાહિત પ્રવૃતિમાં ઉપયોગ કરે તેવી શકયતા નકારી શકાય નહી જેથી સદર અરજી નામંજુર કરવા અરજ કરેલ છે. આ કામે મુળ ફરીયાદી તરફે આંક–૩ થી વાંધા રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

૩. આ કામે બી. એન.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ ની જોગવાઈ વંચાણે લીધી. અરજદાર તરફેની રજુઆત ધ્યાને લેતા આ કામે મુદ્દામાલ મોબાઈલ ફોનનું એફ.એસ.એલ. માં પૃથ્થકરણ થઈ ગયેલ હોય અને તેમાં રહેલ ડેટાને એકસ્ટ્રેટ કરવામાં આવેલ છે.  આ કામે મુદામાલ મોબાઈલ ફોન પો.સ્ટે. માં પડેલ હોય અને તેમાં સ્વભાવિકપણે યાંત્રીક નુકશાન થાય તેમ હોય અને તપાસ કરનાર એજન્સીનું એમ કહેવું નથી કે સદરહું મુદ્દામાલની જાળવણી બાબતે જે કોઈ આવશ્યક પગલાં હોય તે તેઓ ધ્વારા લેવામાં આવી રહયા છે અને તે સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતે  સુંદરભાઈ અંબાલાલ દેસાઈના કેસમાં કેસ ચાલતા દરમ્યાન મુદ્દામાલ પરત આપવા સબંધી પ્રસ્થાપીત કરેલ સિધ્ધાં

તો ધ્યાનમાં લેવામાં આવે તો અરજદારની અરજી મંજૂર કરવાપાત્ર જણાય છે, જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

(૧) અરજદારની હાલની મુદામાલ મોબાઈલ ફોન પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) ઉધોગનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૧૦૨૨૦૩૦૫/૨૦૨૫, આઈ.પી.સી. કલમ–૩૭૬(એન), ૩૪૭, ૩૮૪, ૩૮૫, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ તથા આઈ.ટી. એકટની કલમ–૬૬(ઈ), ૬૭(એ) થી નોંધાયેલ છે તેના કામે પોલીસે તપાસ દરમ્યાન કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ ફોન Oppo Reno 7 Pro છે તે મુદ્દામાલ મોબાઈલ આ કામના અરજદાર **કાનજીભાઈ કેશવભાઈ વાસણ**નાઓ મુદ્દામાલની રકમના દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપેથી નીચેની શરતોને આધીન કેસ ચાલતા દરમ્યાન પરત આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો</u>**

**(૧)** અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોન કેસ ચાલતા દરમ્યાન કોઈને વેચાણ,ગીરો,બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવુ નહી. તેમજ મુદ્દામાલ ફોનને કેસની ટ્રાયલ પુર્ણ ન થાય ત્યાં સુધી જે તે સ્થીતીમાં જાળવી રાખવાનો રહેશે.

**(૨)** અરજદારે ના.કોર્ટ ફરમાવે ત્યારે અને ત્યાં મુદ્દામાલ મોબાઈલ ફોન રજુ કરવાનું રહેશે.

**(૩)** મુદ્દામાલ મોબાફોનનો કોઈપણ રીતે કોઈપણ પ્રકારે ગુનાહીત પ્રવૃતિમાં ઉપયોગ કરવો નહી.

**(૪)** મુદ્દામાલ મોબાઈલ ફોનના સ્વરૂપમાં કોઈપણ રીતે ફેરફાર કરવો નહી.

(૫) મુદ્દામાલ મોબાઈલ ફોન પરત સોંપ્યા અંગેનું તપાસનીશ અધિકારીશ્રીએ બે પંચો રુબરુ મોબાઈલ ફોનનું પંચનામું કરી મોબાઈલ ફોનની સોંપણી કરવી તથા પંચનામા અંગેના ફોટોગ્રાફ્સ લઈ તમામ કાર્યવાહી અંગેનો રીપોર્ટ અત્રેની કોર્ટમાં અચૂક કરવો.

(૬) ઉપરોકત શરતોનું અરજદારે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને તે પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપો આપ રદ થયેલો ગણાશે અને તપાસનીશ અધિકારી કે અધિકૃત પોલીસ અધિકારી એ તે મુદ્દામાલનો તાત્કાલીક કબજો લેવાનો રહેશે.

(૭) તપાસનીશ અધિકારીશ્રીએ તમામ અસલ કાગળોની તપાસ કરવી અને તે તમામ દસ્તાવેજો યોગ્ય જણાય ત્યાર બાદ જ મુદ્દામાલ મોબાઈલ ફોન ઉપરોકત હુકમ મુજબ મુકત કરવું.

અરજદારે જામીન સંબંધીત પો.સ્ટે.માં આપવા.

હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તા.૦૫–મી, માહે–જુન સને–૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

પોરબંદર.
તા.૦૫/૦૬/૨૦૨૬

**(દિપેન દિલીપકુમાર બુધ્ધદેવ)**
એડીશનલ સેશન્સ જજ,
પોરબંદર.
Code No. GJ-00612